---

# અમદાવાદના મહેરબાન એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૨ માં

---

**ક્રિ.કેસ નં. ૩૩૯૭૬/૨૦**

**આંક.૧ લગત હુકમ..**

**ગુનો:- પ્રોહી.એકટની કલમ-૬૬(૧)(બી),૮૫(૧) મુજબ**

(૧) મજકુર કામે તપાસ કરનાર અમલદારે આરોપી વિરુધ્ધ પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)(બી), ૮૫(૧) મુજબનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨). ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરીટીના પરિપત્ર અન્વયે નામદાર ચેરમેનશ્રી, લીગલ સર્વીસ કમિટિ, મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ, અમદાવાદના **નોટીફીકેશન નંબર:૨/૨૦૨૨ તા:૫/૩/૨૦૨૨** ધ્વારા સ્પેશ્યલ સીટીંગનું આયોજન કરવામાં આવેલ હોય, આરોપીને સમન્સ બજતા, આરોપી આજરોજ કોર્ટ રુબરુ હાજર થતા,તેઓને ચાર્જસીટની નકલો વિના મૂલ્યે પુરી પાડવામાં આવેલ છે. આરોપી તરફે આંક.... થી ગુનાની કબુલાત કરતા પુરસીસ રજુ કરે છે. આરોપીને પૂછતાં તેઓએ ઈચ્છાપુર્વક ગુનાની કબુલાત કરેલ છે.

(૩). ઉપરોકત હકીકતે સૌપ્રથમ સજાની જોગવાઈ જોતાં પ્રોહી.એકટની કલમ-૮૫(૧)(૩) માં ઓછામાં ઓછી ૧ વર્ષની સજાની જોગવાઈ કરવામાં આવેલ છે. પરંતુ જયારે આરોપી ગુનાની કબુલાત કરતા હોય તેવા સંજોગોમાં આરોપી સામેની ફરીયાદમાં જણાવેલ આક્ષેપોને ધ્યાને લેવાના હોય છે, આ કામે સમગ્ર ફરીયાદ જોતા અને ફરીયાદી સાથેના તમામ સાહેદોના નિવેદનો જોતાં આરોપીએ જાહેરમાં દારૂ પી છાકટો બની વર્તન કરેલ હોય કે તેની માલ મિલકતને કોઈ નુકશાન પહોચાડેલ હોય અથવા તો કોઈ નિર્લજ વર્તન કરેલ હોય અથવા તો સામાન્ય સંજોગોમાં કોઈ વ્યકિત કૃત્ય ન કરે તેવુ અસભ્ય વર્તન કરેલ હોય તેવી કોઈ જ હકીકત ફરીયાદ કે સમગ્ર સાહેદોના નિવેદનમાં જણાતી નથી. આમ, પ્રથમ દર્શનીય રીતે આરોપી સામે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ- ૮૫(૧)(૩) નો ગુનો ફલિત થતો નથી.

(૪). જયાં સુધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)(બી) નો સવાલ છે તે જોતાં આરોપીની કબુલાત સાથે સાથે તેની સામાજીક અને કૌટુંબીક જવાબદારીને ધ્યાને લેતાં અને આરોપી પોતાના કૃત્ય બદલ પસ્તાવો વ્યકત કરતા હોય તે સંજોગોને ધ્યાને લેતાં તેમજ **નામદાર વડી અદાલતના નટવર હરચન વિરુધ્ધ સ્ટેટ** ના ચુકાદાને ધ્યાને લેતાં કાયદામાં ફરમાવેલ સજા કરતા પણ કોર્ટ યોગ્ય ઓછી સજા અને

કેસના પરિબળોને ધ્યાને લેતા કરી શકે છે. તે તમામ હકીકતોને લક્ષમાં લેતા હાથ પરના કિસ્સામાં પણ આરોપીની સામાજીક, આર્થિક પરિસ્થિતિ અને તેઓના ગુના બદલ પસ્તાવાની હકીકત ધ્યાને લેતા તેવી કાયદામાં ફરમાવેલ સજા કરતા ઓછી સજા કરવા માટે આ યોગ્ય કિસ્સો જણાય છે. આરોપી પોતે ગરીબ વર્ગનો છે, મજૂરીયાત વર્ગનો છે અને કાયદાની અજ્ઞાનતાને કારણે તેનાથી ઉપરોકત ગુનાહીત કૃત્ય થયેલાનું કબુલાત પસ્તાવો વ્યકત કરતો હોય તેવા તમામ સંજોગો ધ્યાને લેતાં ઉપર ચર્ચા કર્યા મુજબ હાથ પરના કિસ્સામાં આરોપીને નામદાર વડી અદાલતનાં ઉપરોકત ચુકાદામાં ફરમાવેલ માર્ગદર્શક સિધ્ધાંતોનો લાભ આપવો ઉચિત કિસ્સો જણાતો હોય, આરોપીની ગુનાની કબુલાત પુરસીસ રેકર્ડ કરી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>હુ ક મ</u>

**(૧).** આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે પ્રોહીબીશન એકટની કલમ– ૬૬(૧)(બી), ૮૫(૧) મુજબ તકસીરવાન ઠરાવી, સંયુકતપણે **રૂા. ૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો)** પુરાનો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ભરવામા કસુર કરે તો વધુ ૫ દિવસ (પાંચ દિવસ) ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨).** મુદ્દામાલ બાબતે અગાઉ કોઈ હુકમ કરેલ હોય તો તેને કાયમ કરવાનો તેમજ નોન વેલ્યુયેબલ મુદ્દામાલ હોય તો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ સ્પેશ્યલ સીટીંગ અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૧૨/૩/૨૦૨૨
અમદાવાદ

(એમ.વાય.રાધનપુરવાલા)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૨, અમદાવાદ
જી.જે.૦૦૭૩૪